# મેળાથી મોબાઇલ સુધી વેરાયેલી બાળઊર્મિઓ | નટવર પટેલ

[**મમ્મી મમ્મી મોબાઇલ** : ફિલિપ ક્લાર્ક, પ્રકા. પોતે, પ્ર.આ. ૨૦૦૬, પૃ. ૫૪, કિં. રૂ. ૨૬/-]

ફિલિપ ક્લાર્કના આ સાતમા બાળકાવ્યસંગ્રહ પર નજર નાખતાં એક વસ્તુ એ નજરે પડી કે એમનાં કાવ્યોમાં લય, ઢાળ, પ્રાસ વગેરે સહજ રીતે પ્રયોજાય છે. તેઓ વિવિધ વિષયોને બાળકાવ્યોમાં ઢાળવાની ખ્વાહિશ ધરાવે છે. અહીં કવિએ ૪૬ રચનાઓ આપી છે, જેમાં મોબાઇલ વિષય પર બે રચનાઓ છે, તો બે પ્રાર્થનાગીતો પણ છે. તદ્ઉપરાંત કવિએ વરસાદ, ફૂલ, પવન, તારા, મમ્મી, કોયલ, ગામ, શેરી, સવાર, વસંત, ઉનાળો, બોરવાળી શિક્ષિકા, તડકો વગેરે વિષયો પર રચનાઓ કરી છે.

કવિનું કર્મ છે કે તે નવા નવા શબ્દો પ્રયોજી ચમત્કૃતિ સર્જે. 'બંદા' કાવ્યમાં કવિએ શબ્દો પાસેથી આવા પ્રકારનું કામ લીધું છે :

**ફૂલો ફરકે ફરક ફરક**
**બંદા હસતા મરક મરક**
**હૈયું ધબકે ધબક ધબક**
**બંદા ચાલે કડક કડક.** (પૃ. ૧૧)

અહીં શબ્દનું પુનરાવર્તન કાવ્યને લય બક્ષે છે. પરંતુ 'ધબક ધબક'ને બદલે 'ધડક ધડક' પ્રયોજી ના શકાય ?

નાનાં બાળકોને નાની વસ્તુઓ ગમે તેવો ભાવ એક કાવ્યમાં કવિ પ્રગટ કરે છે :

**મોટો લાડવો જોઈએ ના**
**લાડુડી ગમતી નાની,**
**રોટલો મોટો જોઈએ ના**
**ચાનકી ગમતી નાની.** (પૃ. ૧૪)

બાળકોને સહજ પ્રશ્ન થશે કે ચાનકી એટલે શું ? નાના રોટલા કે ભાખરીને ચાનકી કહેવાય. બાળકોને કવિએ આ રચના દ્વારા એક નવો શબ્દ આપ્યો છે, ને તે ઉચિત રીતે પ્રયોજાયો છે. તો વળી, કવિએ ક્યાંક ક્યાંક સરસ કલ્પનો પણ પ્રયોજ્યાં છે; જેવાં કે,

**ચોખ્ખા ઘીનો જાણે વહેંચાતો પરસાદ,**
**એવો આવે છે વરસાદ.** (પૃ. ૧૯)

S

**ફૂલોના ભારથી નમી છે ડાળીઓ**
**હસીહસીને ઝાડ પાડે છે તાળીઓ.** (પૃ. ૨૩)

S

**બીજમાંથી વૃક્ષ થાય અચરજ થાય,**
**વૃક્ષ મોટું મોટું થાય અચરજ થાય.** (પૃ. ૫૧)

કવિએ અહીં અંગ્રેજી શબ્દોના પ્રયોગો પણ સહજ પ્રાસમાં વણી લઈને કર્યા છે, જેના અર્થ બાળકોને સમજાય એવા છે. નીચેની પંક્તિઓ જુઓ :

**મમ્મી, મમ્મી, લાવી દે**
**જો તું મને મોબાઇલ**
**બદલાઈ જશે મારી સ્ટાઇલ.** (પૃ. ૨૫)

S

**ફૂલો ખીલી ખીલી કે'તાં ગુડ મૉર્નિંગ,**
**પાંદડાં ઝાકળ ઝીલી કે'તાં ગુડ મૉર્નિંગ.** (પૃ. ૪૪)

S

**રોટલા શાક ભૂલી ગયાં**
**આવ્યાં પીઝા બ્રેડ**
**નંબર આપવા ભૂલી ગયા**
**આવ્યા એવરેજ ગ્રેડ.** (પૃ. ૫૦)

અહીં કેટલીક ઉત્તમ રચનાઓ છે. તો સાથે સાથે મધ્યમ કક્ષાની રચનાઓ પણ છે. ફિલિપભાઈ ઘણી રચનાઓ આપે છે તેથી આમ થતું હશે ? બાળકોને સહજ રીતે હોઠે ચડી જાય એવી રચનાઓ હજી આપવી બાકી હશે ? 'ટરરર ટરરર ઢમઢમઢમ' કે 'રીંછ એકલું ફરવા ચાલ્યું', 'ઊંટ કહે આ સમામાં વાંકા...' 'બા, મને ચપટી વગાડતાં આવડી ગઈ...' જેવી રચનાઓ આજના કવિઓ ક્યારે આપશે ? ઉત્તમ નીવડેલા આજના બાળકવિઓ પાસેથી આજનાં બાળકો આવી અપેક્ષા રાખે એ સહજ વાત છે.

બાળકાવ્યોમાં બોધ સહજ રીતે આવે તો તે ન કઠે પરંતુ કવિ શિક્ષક બની બોધ આપવા બેસી જાય ત્યાં રચના ખોડંગાય છે. વળી, એમાં ક્યાંક ભારેખમ શબ્દો પણ કવિને ખબર ન પડે એમ ઘૂસી જાય છે; જેમ કે,

**મોહ-માયા એક ના અમને**
**વહે અમીનાં ગાન**
**એવું દે વરદાન માતા...** (પૃ. ૯)

અહીં 'મોહ-માયા' એટલે શું ? બાળવાચકોને તે સમજાશે ?

**'દેશના સૌને અક્ષરજ્ઞાન અપાવી**
**ભૂલાવું હું મારું-તારું,**
**સુખના સૂરજ ઊગે ધરતી પર**
**કોઈ રહે ના અહીં દુખિયારું.** (પૃ. ૧૬)

ભાવના સારી છે પરંતુ તે શું બાળકો માટે જ છે ? બાળકોને તો નિર્દોષ ધિંગામસ્તી જ કરવા દઈએ તો ? બાળપણ એ જ સુખનો અવસર ન કહી શકાય ?

ક્યાંક અતિરેકમાં કવિ કૃતકતા ભૂલી ગયા છે; જેમ કે,

**'ફૂલ દેવને શિરે ચડે,**
**કાંટા જોઈને ના એ રડે.** (પૃ. ૨૦)

આપણે જાણીએ છીએ કે ગુલાબ સિવાય અન્ય ફૂલોને કાંટા હોતા નથી. તો વળી,

**'આંબાડાળે કોયલબહેની ટહુકા મીઠા કરતાં'** (પૃ. ૪૧)

જે ટહુકે છે તે કોયલ નહીં પરંતુ કોકિલ છે એ વાત પણ કવિ અહીં ભૂલી ગયા છે. આવો ઉલ્લેખ અહીં ત્રણેક રચનાઓ (કાવ્ય નં. ૨૦, ૨૩, ૩૩)માં થયો છે.

બાળકાવ્યોમાં સરળતા ગુણ છે છતાં ચમત્કૃતિ અપેક્ષિત છે, ને કલ્પનોડ્ડયન પણ અનિવાર્ય છે. એવી રચનાઓ જ બાળકોને સવિશેષ ગમે છે.

અહીં કવિએ ત્રણ હાઈકુ આપ્યાં છે. મારું અંગત મંતવ્ય છે કે બાળકાવ્યોમાં હાઈકુ એ બાળકો માટે ભાવતી વાનગી નથી. લાઘવમાં ઘણું સમાવવાની તાકાત હાઈકુમાં છે ખરી પરંતુ એ લાઘવતા સમજવાની બાળમાનસની તૈયારી કેટલી ? એમને તો કથાકાવ્યો ગમે. જોડકણાં ગમે. ત્રણ લીટીમાં બાળમાનસ શી રીતે રીઝે ? મોબાઇલનાં અહીં આપેલાં જોડકણાં યોગ્ય છે.

આકર્ષક મુખપૃષ્ઠ, દરેક કાવ્યે સુંદર ચિત્ર ધરાવતા આ પુસ્તકમાં ઘણી ગેય રચનાઓ સુંદર બની છે. આ કાવ્યો બાળકોને વાંચવાં-ગાવાં ગમશે એવી શ્રદ્ધા સાથે કવિને અભિનંદન પાઠવી વિરમું છું.